| | |
|---|---|
| Publication: Prabhat | Pg No: 2 |
| Edition: Print | Date: August 23, 2023 |

પ્રભાત

તા. ૨૩-૮-૨૦૨૩, બુધવાર

# શ્રીઅમિતાભ કાંત, ભારત સરકારના જી-૨૦ શેરપા ૧૪મો 'સોશિયલ એન્ટરપ્રેન્યોર ઓફ ધ યર' એવોર્ડ ઈન્ડિયા, ૨૦૨૩ પ્રસ્તુત કરશે

જુબિલન્ટ ભરતિયા ફાઉન્ડેશન તથા વર્લ્ડ ઈકોનોમિક ફોરમની પેટા. સંસ્થા શ્વેબફાઉન્ડ.ઓઆરજી, Jubilant Bhartia Foundation and the Schwab Foundation for Social Entrepreneurship, તારીખ ૨૫ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ યોજાનારા ૧૪મા સોશિયલ એન્ટ્રપ્રેન્યોર ઓફ ધ યર એવોર્ડ ઈન્ડિયા, ૨૦૨૩ના મુખ્ય અતિથિ તરીકે ભારત સરકારના જી૨૦ શેરપા શ્રી અમિતાભ કાંતના નામની જાહેરાત કરીને આનંદની લાગણી અનુભવે છે.

સામાજિક ઉદ્યોગ સાહસિકતાના જુસ્સાને પ્રોત્સાહિત કરવા એકઠાં થયેલાં વિશ્વના પ્રતિષ્ઠિત મહાનુભાવો અને વિવિધ ક્ષેત્રના અગ્રણીઓની હાજરીમાં નવી દિલ્હીમાં યોજનારા એક સમારંભ દરમિયાન શ્રી કાંત દ્વારા આ એવોર્ડ એનાયત કરાવામાં આવશે. આ વર્ષે બી-૨૦ની સાઈડ-લાઈન પર આ એવોર્ડ સેરેમની યોજાઈ રહી છે. આ વર્ષે આ એવોર્ડ સમારંભ બી-૨૦ના ઉપલક્ષ્ય અંતર્ગત યોજાઈ રહ્યો છે.

આ વર્ષના સોશિયલ એન્ટરપ્રિન્યોર ઓફ ધ યર એવોર્ડ ઈન્ડિયા, ૨૦૨૩ના વિજેતાની પસંદગી વિશિષ્ટ જ્યુરી દ્વારા કરવામાં આવશે, જેમાં ઉદ્યોગના દિગ્ગજો અને વિવિધ પૃષ્ઠભૂમિની પ્રસિદ્ધ હસ્તીઓ સામેલ હશે. વિજેતાની પસંદગી ફાઈનલિસ્ટ તરીકે પામેલાં ચાર હાઈ-ઈમ્પેક્ટ સોશિયલ ઈનોવેટર્સમાંથી કરવામાં આવશે.

પસંદગી સામાજિક અસમાનતા, બહિષ્કા તથા વંચિતતા જેવી સમસ્યાઓના સમાધાન પ્રત્યે સંસ્થાન અભિગમ, સામાજિક મોડેલની વિશિષ્ટતા સાતત્યપૂર્ણ પ્રણાલીગત પરિવર્તનની રચના માટેની ક્ષમતા તથા સામાજિક અસર સર્જવા જેવા માપદંડોને આધારે આ ચાર સામાજિક સંશોધકોની પસંદગી કરાઈ છે.

૧. ડો. અપર્ણા હેગડે છઈસ્સછદ્ર(આર્મમેન), મુંબઈ – આર્મમેન એમહેલ્થની મદદથી માતા અને બાળ મૃત્યુદર/વિકલાંગતાને ઘટાડવા માટે આરોગ્ય કર્મચારીઓને તાલીમ આપવાની સાથે સગર્ભા સ્ત્રીઓ અને માતાઓને નિવારક માહિતી અને સેવાઓ પહોંચાડવા માટે કિફાયતી, જેન્ડર સેન્સેટિવ, પ્રણાલીગત સમાધાનો રજૂ કર્યા છે.

૨. સુશ્રી બીજલ બ્રહ્મભટ્ટ મહિલા આવાસ સેવા ટ્રસ્ટ, અમદાવાદ—શહેરોમાં અનૌપચારિક ક્ષેત્રની ગરીબ મહિલાઓની રહેઠાણ સુવિધામાં સુધારો લાવવાનાં ઉદેશ સાથે એમએચટી મહિલાઓનાં સામૂહિક જોડાણ અને નેતૃત્વમાં રોકાણ કરે છે, જે રચનાત્મક સંવાદ અને જવાબદાર શહેરી વિકાસને આગળ ધપાવે છે.

૩. શ્રી ધીમંત પારેખ અને શ્રીમતી અનુરાધા પારેખ, ધ બેટર ઈન્ડિયા, બેંગલુરુ—ધ બેટર ઈન્ડિયા (ટીબીઆઈ)એ વ્યાપક સ્તરે સામાજિક પ્રભાવ પાડવા માટે વાર્તાઓની શક્તિનો ઉપયોગ કરીને દેશમાં એક સંપૂર્ણ હકારાત્મક ચળવળની શરૂઆત કરી હતી.

૪. ડો. શુચિન બજાજ, ઉજાલા સિગ્નસ હેલ્થકેર, નવી દિલ્હી- ઉજાલા સિગ્નસ તેની ઓછા બજેટ-અને-દર્દીને અનુકૂળ-તૃતીય-સંભાળ ધરાવતી હોસ્પિટલોની શ્રૃંખલા મારફતે વંચિત સમુદાયો માટે ઉચ્ચ ગુણવત્તા યુક્ત સંકલિત હેલ્થકેર માળખું અને સેવાઓ સુલભ બનાવે છે.

એસઈઓયએ વોર્ડ ઈન્ડિયા ૨૦૨૩ના વિજેતા શ્વેબ ફાઉન્ડેશન ફોર સોશિયલ એન્ટરપ્રિન્યોરશિપના સામાજિક સંશોધકોના સમુદાયમાં જોડાશે, જે એક અગ્રણી વૈશ્વિક પ્લેટફોર્મ છે,

જેણે ૨૫ વર્ષથી વધુ સમયથી સામાજિક નવીનતાના ઉત્કૃષ્ટ મોડેલોને વેગ આપ્યો છે. એસઈઓય એવોર્ડ ઈન્ડિયા ૨૦૨૩ના વિજેતા અને ફાઈનલિસ્ટને સ્ટેન ફોર્ડ સીડ ટ્રાન્સફોર્મેશન પ્રોગ્રામ માટે હિન્દુસ્તાન ટાઈમ્સ ફેલોશિપ માટે અરજી કરવાની તક પણ મળશે.